# પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ફરી ઘટાડો

## ગુજરાતમાં વેટ સાથે પેટ્રોલમાં ૧.૧૩નો ઘટાડો કરાયો : ઓગસ્ટ બાદ સતત સાતમી વખત અને ડિઝલની કિંમતમાં ઓક્ટોબર બાદ ત્રીજી વખત ઘટાડો

નવી દિલ્હી-અમદાવાદ, તા. ૩૦

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર ક્રમશઃ લીટરદીઠ ૯૧ પૈસા અને ૮૪ પૈસાનો ઘટાડો વેટ અને સેલટેક્સ સિવાય કરવામાં આવ્યો હતો. સતત ત્રીજી વખત ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં ઘટાડો થતાં ભાવ ઘટાડવામાં આવ્યો છે. ભાવ ઘટાડો તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યો છે. વેટના દર અને સ્થાનિક સેલટેક્સ જુદા જુદા હોવાના કારણે ભાવમાં ઘટાડો વધારે હોઈ શકે છે. આજના ઘટાડાની સાથે જ અમદાવાદમાં પેટ્રોલનો ભાવ લીટરદીઠ ૬૭.૫૮થી ઘટીને ૬૬.૪૫ થઈ ગયો છે. ગુજરાતમાં પેટ્રોલ પર ઘટાડો વેટ સાથે લીટરદીઠ ૧.૧૩ થયો છે જ્યારે ડિઝલમાં ગુજરાતમાં વેટ સાથે ઘટાડો લીટરદીઠ ૧.૦૪ થયો છે. આનો મતલબ એ થયો કે ગુજરાતના લોકોને વેટના લીધે વધુ રાહત થઈ છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ફરીએકવાર ઘટાડો કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી ઘટાડાને લઈનએ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું હતું. વૈશ્વિક ક્રુડની કિંમત ચાર વર્ષની નીચી સપાટી પર પહોંચી જતાં ભાવ ઘટશે તેમ માનવામાં આવી રહ્યું હતું. ભારત તેની ક્રુડની જરૂરીયાતો પૈકી બે તૃતિયાશ ક્રુડની આયાત કરે છે. વૈશ્વિક ક્રુડ ઓઈલમાં ઘટાડો થતા સંકેત દેખાઈ રહ્યા હતા.

કિંમતોમાં ઘટાડો કરવાથી ફુગાવાને નીચે રાખવા અને સ્થિર રાખવામાં મદદ મવી શકે છે. ભારતમાં રીટેલ ફુગાવો ઓક્ટોબરમાં ત્રણ વર્ષની નીચી સપાટી એટલેકે ૫.૫૨ ટકા સુધી પહોંચ્યો છે. જ્યારે હોલસેલ રેટ પાંચ વર્ષની નીચી સપાટી પર એટલે કે ૧.૭૭ ટકા થયો છે.

ઓગસ્ટ બાદથી પેટ્રોલની કિંમતમાં સાતમી વખત ઘટાડો કરવામાં આવ્વ્યો છે જ્યારે ઓક્ટોબર બાદથી ડિઝલની કિંમતમાં ત્રીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. હજુ સુધી આજના ઘટાડા પહેલા ઓગસ્ટ બાદથી કુલ લીટરદીઠ ૯.૩૬ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. સામાન્ય લોકોને રાહત મળી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં છેલ્લે ૩૧મી ઓક્ટોબરના દિવસે ઘટાડો કરવામાં આવ્યો હતો. એ વખતે તીવ્ર મોંઘવારી વચ્ચે એકબાજુ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૨.૪૧નો ઘટાડો વેટ અને સેલટેક્સ સિવાય કરવામાં આવ્યો હતો જ્યારે ડિઝલની કિંમતમાં ૨.૨૫ સુધીનો ઘટાડો વેટ અને સેલટેક્સ સિવાય કરવામાં આવ્યો હતો. કેબિનેટે ૧૮મી ઓક્ટોબરના દિવસે સાહસી નિર્ણય કરીને સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ડિઝલની માર્કેટ કિંમત વસુલ કરવાની મંજુરી આપી હતી. પેટ્રોલની કિંમતને ગયા વર્ષે યુપીએ સરકારે જૂન મહિનામાં અંકુશમુક્ત બનાવી હતી. આ વર્ષે જૂનમાં તેની કિંમત ૧૧૫ ડોલર હતી. સૂત્રોનું કહેવું છે કે, પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડા ઉપર આચારસંહિતા લાગૂ પડશે નહીં કારણ કે, બંનેને અંકુશમુક્ત કરવામાં આવી ચુક્યા છે.

## નવ મહિના છતાંય તેજપાલ કેસમાં ટ્રાયલ શરૂ થઈ નથી

**ભારતના નવા બળાત્કાર વિરોધી કાયદા હેઠળ કેસ દાખલ કરાયો છતાં ટ્રાયલ બાકી : નવા કાયદામાં કડક વ્યવસ્થા**

પણજી, તા. ૩૦

તહેલકાના સ્થાપક એડિટર તરુણ તેજપાલના કેસમાં ટ્રાયલની પ્રક્રિયા હજુ સુધી શરૂ થઇ શકી નથી. મેગેઝિન દ્વારા આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ઉત્તર ગોવામાં આવેલી હોટલમાં જુનિયર સાથી પર બળાત્કાર બદલ ઝડપાયેલા તરુણ તેજપાલ સામે ટ્રાયલ હજુ શરૂ થઇ શકી નથી. આ કેસમાં ચાર્જશીટ દાખલ થયાને નવ મહિનાનો ગાળો થઇ ગયો હોવા છતાં ટ્રાયલની પ્રક્રિયા શરૂ થઇ શકી નથી. દેશના નવા બળાત્કાર વિરોધી કાયદા હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે જેમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા બાદથી બે મહિનાના ગાળામાં જ રેપના કેસમાં ટ્રાયલ પૂર્ણ કરવાની વાત કરવામાં આવી છે છતાં આમાં પ્રગતિ થઇ શકી નથી. સુપ્રીમ કોર્ટે જુલાઈ મહિનામાં તેજપાલને જામીન આપી દીધા હતા. આઠ મહિનાની અંદર ટ્રાયલ પૂર્ણ થવી જોઇએ. સુપ્રીમ કોર્ટના આદેશ બાદથી પાંચ મહિનાનો સમય હોવા છતાં કોર્ટ સમક્ષ તરુણ તેજપાલ દ્વારા કરવામાં આવેલી દલીલોને લઇને ચર્ચા છે. કેસમાં ડિફેન્સને તમામ દસ્તાવેજો મળ્યા નથી. ખાસ કરીને ઇલેક્ટ્રોનિક રેકોર્ડને લઇને ચર્ચા છે. ઇલેક્ટ્રોનિક રેકોર્ડ ન મળતા નિષ્પક્ષ ટ્રાયલ થઇ શકે નહીં. પ્રોસીક્યુશને વારંવાર કહ્યું છે કે, તમામ દસ્તાવેજો સુપ્રત કરવામાં આવી ચુક્યા છે. આ કેસમાં તપાસ કરનાર ક્રાઇમ બ્રાંચે સ્ટાર્ડ હોટલમાંથી ડિજિટલ વિડિયો રેકોર્ડર, કોમ્પ્યુટર અને ઇમેઇલ કબજે કરી લીધા છે. ડીવીઆરની નકલ આપવા હૈદરાબાદમાં એફએસએલના વૈજ્ઞાનિક સામે સમન્સ જારી કરવામાં આવ્યું છે. આરોપીને ડીવીઆરની નકલ આપવા કહેવામાં આવ્યું છે. મળેલી માહિતી મુજબ સેશન કોર્ટ આ કેસમાં આરોપો ઘડતા પહેલા દલીલો ઉપર સુનાવણી હાથ ધરશે. ૧૨મી ડિસેમ્બરના દિવસે આ પ્રક્રિયા હાથ ધરાઈ તેવી શક્યતા છે.

**પોલીસ-સુરક્ષા સંસ્થાઓની બેઠકમાં સ્માર્ટ પોલીસ કોન્સેપ્ટ રજૂ**

## દેશના ઇન્ટેલિજન્સ નેટવર્કને વધુ મજબૂત બનાવવાની જરૂર : મોદી

ગોવાહાટી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સ્માર્ટ પોલિસ કોન્સેપ્ટ રજૂ કરતા અનેક મુદ્દા ઉપર ભાર મુક્યો હતો. મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે, આંતરિક સુરક્ષા માટે અસરકારક ઈન્ટેલીજન્સ નેટવર્ક અતિ જરૂરી છે. મોદીએ કહ્યું હતું કે, અસરકારક ઈન્ટેલીજન્સને વધુ આધુનિક અને સક્ષમ બનાવવાની જરૂર રહેલી છે. નોર્થ ઈસ્ટના પ્રવાસે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે ગુવાહાટીમાં ચાલી રહેલી પોલીસ અને સુરક્ષા સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓની બેઠકમાં હાજરી આપી હતી. તેમણે ગુપ્તચર તંત્રને વધુ મજબૂત કરવા અને પોલીસ કર્મચારીઓના આત્મવિશ્વાસ વધારવા ઉપર ભાર મુક્યો હતો. સ્માર્ટ પોલીસ કોન્સેપ્ટ રજૂ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, પોલીસ ફોર્સને આધુનિક બનાવવાની જરૂર છે. પોલીસની છાપ ફિલ્મોએ ખરાબ કરી નાંખી છે. મોદીએ કહ્યું હતું કે, આમા પણ ફેરફારનો સમય આવી ગયો છે. પોલીસ ફોર્સને સ્માર્ટ થઈ જવાની જરૂર છે. પોલીસ સ્માર્ટ એટલે એસથી કઠોર (સ્ટ્રીક) અને ગંભીર (સેન્સેટીવ), એમથી નૈતિકતા



(મોરલ) અને મોબાઈલ (મોબાઈલ), એથી એલર્ટ (જાગૃત) અને જવાબદાર (એકાઉન્ટેબલ), આર એટલે વિશ્વાસપાત્ર (રિયેબલ) અને જવાબદાર (રિસ્પોન્સિબલ), ટી એટલે ટેક્સ સેવિંગ (આધુનિક) અને ટ્રેઈની (તાલીમ) ઉપર ભાર મુક્યો હતો. ઈન્ટેલીજન્સને મજબૂત કરવા ઉપર ભાર મુકતા તેમણે કહ્યું હતું કે, દેશની સુરક્ષા માટે આ ખુબ જ જરૂરી છે. જે દેશની પાસે શક્તિશાળી ઈન્ટેલીજન્સ નેટવર્ક છે તેને હથિયાર ઉપર આધારિત રહેવાની જરૂર નથી રહેતી. વડાપ્રધાને સેવા દરમિયાન શહીદ થયેલા પોલીસ કર્મચારીઓની વાત કરતા કહ્યું હતું કે, લોકોને આ અંગેની માહિતી હોવી જોઈએ કે તેમની સુરક્ષામાં પોલીસ જવાન પોતાના પ્રાણોની આહૂતિ આપે છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, હજુ સુધી ૩૩૦૦૦ પોલીસ જવાનો ફરજ ઉપર શહીદ થઈ ચુક્યા છે. તેમનું બલિદાન ખરાબ જવું જોઈએ નહીં. તેમના બલિદાનને યાદ રાખવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, શહીદ પોલીસ કર્મચારીઓના સન્માન માટે એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સ હોવી જોઈએ જે લોકો સુધી શહીદ થયેલા પોલીસ જવાનોની માહિતી પહોંચાડે. વડાપ્રધાને કહ્યું હતું કે, શહીદ જવાનો ઉપર એક પુસ્તક હોવું જોઈએ. દરેક રાજ્યનું આવું પુસ્તક હોવું જોઈએ જે નવી પેઢીના જવાનોને પ્રેરણા આપી શકે. મોદીએ કહ્યું હતું કે, દરેક પોલીસ સ્ટેશનની પોતાની વેબસાઈટ હોવી જોઈએ. પોલીસની ફરજ હંમેશા વ્યસ્ત, ટેન્શનવાળી અને થાક આપનારી હોય છે. આવી સ્થિતિમાં તેમના પરિવારમાં સુખ શાંતિ રહે તે જરૂરી છે. પોલીસ ફોર્સની લાઈફને વ્યવસ્થિત બનાવવા પ્રયાસ થવા જોઈએ. એવી વ્યવસ્થા પણ હોવી જોઈએ જે હેઠળ પોલીસ કર્મચારીઓની સાથે સાથે તેમના પરિવારજનના આરોગ્યની ચકાસણી પણ નિયમિતરીતે થઈ શકે. દેશમાં ઘણીબધી હકારાત્મક બાબતો થઈ રહી છે. વિશ્વભરમાં ભારતની નોંધ લેવાઈ રહી છે. પોલીસ જનકલ્યાણની બાબત મહત્વપૂર્ણ મુદ્દો છે.

## સાંબામાં બીએસએફની ચોકી ઉપર પાકિસ્તાનનો ગોળીબાર

જમ્મુ, તા. ૩૦

પાકિસ્તાની સૈનિકોએ આજે ફરીએકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને સાંબા સેક્ટરમાં ભારતીય સરહદી ચોકી ઉપર ગોળીબાર કર્યો હતો. સરહદ સુરક્ષા દળ અથવા તો બીએસએફ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી સામે વાંધો ઉઠાવીને પાકિસ્તાની રેન્જર્સે ગોળીબાર કર્યો હતો. બીએસએફે યુદ્ધવિરામના ભંગનો જડબાતોડ જવાબ આપ્યો હતો. જો કે, બંને પક્ષે કોઇ ખુવારી થઇ ન હતી. બીએસએફના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, પાકિસ્તાની રેન્જર્સે સાંબા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર આવેલી ભારતીય ચોકી ઉપર નાના અને ઘાતક હથિયારોથી ગોળીબાર કર્યો હતો. આશરે ૨૫ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની રેન્જર્સ દ્વારા કરવામાં આવેલા ગોળીબારની શરૂઆત સવારે ૧૧ વાગે થઇ હતી અને દોઢ વાગ્યા સુધી ગોળીબાર જારી રહ્યો હતો. ભારતીય બીએસએફ જવાનોએ પણ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. ભારતીય બાજુમાં હાલમાં નિર્માણ કામગીરી ચાલી રહી છે જેના પરિણામ સ્વરુપે પાકિસ્તાનની ઉંઘ હરામ થઇ ગઇ છે. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર તૈનાત બીએસએફના જવાનોની સ્થિતિને સુધારવા બીએસએફ દ્વારા હાલમાં જવાનો માટે બાથરુમ અને અન્ય સુવિધાઓને અપગ્રેડ કરવા તથા અન્ય નિર્માણ કામગીરી હાથ ધરી છે જેની સામે પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો છે. અમારા પ્રદેશમાં સરહદી દિવાલ પણ બનાવવામાં આવી રહી છે. બીએસએફના અધિકારીના જણાવ્યા મુજબ પાકિસ્તાન દ્વારા વારંવાર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ૯૦ મિનિટથી પણ વધુ સમય સુધી ગોળીબારનો દોર ચાલ્યો હતો. ૨૮મી નવેમ્બરના દિવસે પણ પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર અરણ્યામાં ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાને આ વર્ષે સૌથી વધુ પ્રમાણમાં ગોળીબાર કરીને સ્થિતિને વિસ્ફોટક બનાવી દીધી છે.

# કલ્યાણના કુખ્યાત શખ્સ પર લાય ડિટેક્શન ટેસ્ટ કરવાની હિલચાલ

નવીદિલ્હી, તા. ૩૦

ઇરાક અને સિરિયામાં સક્રિય ખતરનાક આતંકવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટમાં સામેલ થવા ભારત છોડી ચુકેલા અને હાલમાં જ પરત ફરેલા કલ્યાણના ૨૩ વર્ષીય શખ્સ પર લાય ડિટેક્શન ટેસ્ટ અને નાર્કોટેસ્ટ કરવા માટે નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, માજીદ ઉપર લાય ડિટેક્શન ટેસ્ટ કરવામાં આવશે. આનો મતલબ એ થયો કે, ૨૩ વર્ષીય શખ્સની એનઆઈએ દ્વારા કરવામાં આવેલી પુછપરછમાં કેટલીક બાબતો ખોટી દેખાઈ રહી છે. કલ્યાણનો આઈએસઆઈએસનો શખ્સ ખતરનાક સ્ટોરી ચલાવી રહ્યો હોવાની શંકા છે. આઈએસઆઈએસ માટે લડતી વેળા ઘાયલ થયો હોવાના અહેવાલ પણ આ શખ્સ આપી ચુક્યો છે. હવે એનઆઈએ તેની પાસેથી કેટલીક વધુ નક્કર વિગતો મેળવવા માટે ઇચ્છુક છે. મહારાષ્ટ્રના કલ્યાણનો સિવિલ એન્જિનિયરિંગનો વિદ્યાર્થી માજીદ ખુબ જ કટ્ટરપંથી હોવાનું જાણવા મળ્યું છે. તે ૨૩મી મેના દિવસે છ મહિના પહેલા ભારતથી ફરાર થઇ ગયો હતો. આ શખ્સ ૨૨ અન્ય શ્રદ્ધાળુઓ સાથે ઇરાકમાં પવિત્ર સ્થળો ઉપર ગયો હતો. હકીકતમાં તે ઇરાકના મોસુલમાં આઈએસઆઈએસ રેંકમાં સામેલ થવાની ઇચ્છા ધરાવતો હતો. શુક્રવારે તે ભારત પરત ફર્યો હતો. ભારત પરત ફર્યા બાદ માજિદની તરત જ ધરપકડ કરવામાં આવી હતી. હવે તે ૮મી ડિસેમ્બર સુધી એનઆઈએની કસ્ટડીમાં છે. તેની પુછપરછ કરવામાં આવી રહી છે. વધુ વિગતો બહાર આવી રહી છે. કારણ કે, એનઆઈએના અધિકારીઓ જુદા જુદા પાસાઓ અંગે તેની તપાસ કરી રહ્યા છે. ઇરાકમાં શું બન્યું તે અંગે પણ તપાસ ચાલી રહી છે. માજીદ દ્વારા આપવામાં આવેલી માહિતીમાં કેટલીક માહિતી નક્કર દેખાઈ રહી નથી. અહેવાલ ખુબ જ વિરોધાભાષી રહ્યા છે. માજિદે પેલેસ્ટિનિયન યુવતી તાહીરા સાથે જુલાઈમાં લગ્ન કર્યા હતા. હકીકતમાં તેના લગ્ન અંગેની માહિતી ફેસબુક પ્રોફાઇલ ઉપરથી જાણવા મળી છે. માજિદે પુછપરછ દરમિયાન કહ્યું છે કે, તે આઈએસઆઈએસ માટે લડતી વેળા ઘાયલ થયો હતો. તેને યોગ્ય સારવાર મળી ન હતી. એનઆઈએના અધિકારીઓ તેની બાબતને માનવા તૈયાર નથી.



## ફ્રી એટીએમમાં પહેલી ડિસેમ્બરથી કાપ હશે

નવીદિલ્હી, તા. ૩૦

પહેલી ડિસેમ્બર ૨૦૧૪થી ફ્રી એટીએમ ટ્રાન્ઝિક્શનમાં કાપ મુકવામાં આવશે. આનો મતલબ એ થયો કે, મહિનામાં પાંચથી વધુ વખત એટીએમ ટ્રાન્ઝિક્શનની સ્થિતિમાં ૨૦ રૂપિયાનો ચાર્જ લાગશે. જ્યારે નોન ફાયનાન્સિયલ ટ્રાન્ઝિક્શન દંડ રુપે ૮.૫ રૂપિયા પડશે. કેટલીક બેંકો પહેલાથી જ કહી ચુકી છે કે તેઓ વધારાના ટ્રાન્ઝિક્શન માટે ગ્રાહકો ઉપર ચાર્જ મુકશે. પહેલી નવેમ્બર ૨૦૧૪ના દિવસે રિઝર્વ બેંકે એક પરિપત્ર જારી કરીને કહ્યું હતું કે, બેંકો મેટ્રો શહેરોમાં રહેતા કસ્ટમરો માટે ઓફર કરવામાં આવતી ફ્રી એટીએમ ટ્રાન્ઝિક્શન સેવા કાપ મુકવા મંજુરી આપશે. જો કે, તમામ બેંકોએ માર્ગદર્શિકાને અમલી બનાવી ન હતી. કેટલીક બેંકોએ નવા નિયમો પાળ્યા હતા. બાકીની બેંકો હવે પહેલી ડિસેમ્બરથી આને અમલી બનાવશે.

પીએનબી દ્વારા કહેવામાં આવ્યું છે કે, તે તેના બચત ખાતા ધારકો માટે ફ્રી એટીએમ ટ્રાન્ઝિક્શન સંખ્યા પર કાપ મુકશે નહીં. નવી સેવા હાલમાં છ શહેરોમાં લાગૂ પડશે જેમાં મુંબઈ, નવી દિલ્હી, ચેન્નાઈ, કોલકાતા, બેંગ્લોર અને હૈદરાબાદનો સમાવેશ થાય છે.

## ગેરકાયદે બાંગ્લાદેશી સામે કઠોર પગલા લેવાની ખાતરી

ગોવાહાટી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભાજપના કાર્યકરોની બેઠકને પણ સંબોધી હતી જેમાં મોદીએ ઉત્તર પૂર્વમાં તેમના પ્રયાસો બદલ ભાજપ કાર્યકરોની ભારે પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, ભાજપનો એકમાત્ર મંત્ર વિકાસનો છે. આસામમાં સુરક્ષાનો મુદ્દો ઉઠાવતા તેમણે કહ્યું હતું કે, આસામની સમસ્યાથી તેવો વાકેફ છે પરંતુ સુરક્ષા મુદ્દે બાંધછોડ કરવામાં આવશે નહીં. આસામમાં રહેતા ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ સામે પગલા લેવામાં આવશે. ભારત-બાંગ્લાદેશ જમીન સુધારા સોદાબાજી માટે પણ તેવોએ વાત કરી હતી અને કહ્યું હતું કે, આનાથી આસામના લોકોને ફાયદો થશે. બાંગ્લાદેશમાંથી આસામમાં આવતા ગેરકાયદે બાંગ્લાદેશીઓને રોકવા તેઓ મક્કમ છે. ગેરકાયદે ઘુસણખોરી પર પણ નજર રાખવામાં આવી રહી છે. આસામના લોકોની બાબતને તેઓ જાણે છે. સુરક્ષા પાસાઓ ઉપર પ્રકાશ ફેંકતા મોદીએ કહ્યું હતું કે, સરકાર ઘુસણખોરીની સમસ્યાનો કાયમીરીતે ઉકેલ લાવવા માટે બાંગ્લાદેશ સાથે જમીન સમજૂતિ કરશે. સરકાર રાજ્યને નુકસાન પહોંચાડનાર પરિબળોના તમામ રસ્તાઓ બંધ કરી દેશે. ઘુસણખોરો સામે કાયદા પોતાની રીતે કામ કરશે. જનધન યોજનાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, ભાજપ ગરીબ લોકોને પણ મુખ્ય ધારામાં લાવવા માટે કટિબદ્ધ છે. ગરીબ લોકો ક્યારે પણ અગાઉ બેંકોમાં પહોંચ્યા નથી. અમે તેમના માટે બેંકના દરવાજા ખોલી દીધા છે. પીએસયુ બેંકો સખ્ત પરિશ્રમ કરી રહી છે. દરેક સપ્તાહમાં એક કરોડ બેંક ખાતા ખુલી રહ્યા છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, ભાજપ પ્રથમ વખત વિકાસના એકમાત્ર મુદ્દા ઉપર ચૂંટણી લડી ચુક્યું છે. અન્ય પક્ષોને પણ આના પર વિચારવાની ફરજ પડી છે. મહારાષ્ટ્ર, હરિયાણા બાદ હવે ઝારખંડમાં પણ વિકાસની વાત થઇ રહી છે. મોદીએ કહ્યું હતું કે, લોકો કેન્દ્રમાં અસરકારક સરકાર ચાલી રહી છે. જાતિ, કોમવાદ અને ધર્મના આધાર પર ભાજપ રાજકારણ કરશે નહીં. રાષ્ટ્રવાદમાં તેનો વિશ્વાસ છે.



અત્યંત પ્રદૂષિત યમુના નદીમાં એક માણસ હાથે બનાવેલ તરાપો ચલાવી રહ્યો છે.

## ટોપ સાત કંપનીની મૂડીમાં ૪૭૩૬૫ કરોડનો વધારો

મુંબઈ, તા. ૩૦

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ટોચની સાત કંપનીઓની માર્કેટ મૂડીમાં ૪૭૩૬૫ કરોડનો વધારો થયો છે. આ ગાળા દરમિયાન એસબીઆઈ અને ઈન્ફોસિસની માર્કેટમૂડીમાં સૌથી વધુ વધારો થયો છે. ટીસીએસ, એચડીએફસી બેંક, સીઆઈએલ, આઈસીઆઈસીઆઈ બેંક એચડીએફસીમાં પણ તેમની માર્કેટમૂડીમાં વધારો થયો છે. છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન જે કંપનીઓની માર્કેટ મૂડીમાં ઘટાડો થયો છે તેમાં ઓએનજીસી, આરઆઈએલ, આઈટીસીનો સમાવેશ થાય છે. પ્રાપ્ત આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, એસબીઆઈની માર્કેટ મૂડીમાં છેલ્લા સપ્તાહ દરમિયાન ૧૨૨૪૩.૮ કરોડનો વધારો થયો છે જેના પરિણામ સ્વરુપે તેની માર્કેટમૂડી વધીને ૨૩૯૯૮૫.૯૨ કરોડ થઈ ગઈ છે. જ્યારે ઈન્ફોસિસે છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ૧૨૨૩૯.૮૪ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મૂડી વધીને ૨૫૦૩૨૯.૯૦ કરોડ થઈ ગઈ છે. એચડીએફસી બેંકની માર્કેટમૂડીમાં ૬૧૨૬.૮૬ કરોડનો વધારો થયો છે જેના પરિણામ સ્વરુપે તેની માર્કેટ મૂડી વધીને ૨૩૧૩૨૨.૮૫ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે ટીસીએસની માર્કેટ મૂડી સતત વધી રહી છે. ટીસીએસની માર્કેટ મૂડી હવે આ સપ્તાહમાં ૫૨૪૯.૩૯ કરોડ વધી છે જેના લીધે તેની માર્કેટમૂડી ૫૧૭૭૧૧.૩૯ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે કોલ ઈન્ડિયાની માર્કેટ મૂડીમાં ૪૮૩૨.૦૨ કરોડ વધીને ૨૨૪૦૭૩ કરોડ થઈ ગઈ છે. એચડીએફસીની માર્કેટ મૂડીમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે. તેની માર્કેટમૂડી વધીને ૧૮૨૩૧૩.૪૯ કરોડ થઈ ગઈ છે. આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મૂડી વધીને ૨૦૩૧૩૦.૩૬ કરોડ થઈ છે. આવી જ રીતે જે કંપનીઓની માર્કેટમૂડીમાં છેલ્લા સપ્તાહ દરમિયાન ઘટાડો થયો છે તેમાં આઈટીસીની માર્કેટમૂડીમાં ઘટાડો થતાં હવે તેની કુલ માર્કેટ મૂડી ૨૮૯૯૧૯.૯૨ કરોડ થઈ છે જ્યારે ઓએનજીસીમાં રોકાણકારોની સંપત્તિ ઘટીને ૩૨૪૬૮૦.૮૫ કરોડ થઈ છે.

## પોલિસી રેટ યથાવત રાખવા આરબીઆઈ ગવર્નર ઇચ્છુક

નવીદિલ્હી, તા. ૩૦

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા મંગળવારના દિવસે આગામી નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરનાર છે. નીતિ સમીક્ષામાં પોલીસી રેટ અથવા તો વ્યાજદરને યથાવત રાખવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. એકબાજુ નાણામંત્રી અરુણ જેટલી ઉદ્યોગ જગત અને શેરબજારની માંગણીને ધ્યાનમાં લઇને અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા વ્યાજદરમાં કાપની તરફેણ કરી ચુક્યા છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ ઘટીને ૫.૩ ટકા થઇ ગયો છે. આની સાથે સાથે ફુગાવો પણ છેલ્લા કેટલાક વર્ષમાં સૌથી નીચી સપાટીએ પહોંચી ગયો છે જેથી રેટમાં કાપ માટેનું ચિત્ર સ્પષ્ટ થાય છે. એસબીઆઈના ચેરમેન અરુંધતી ભટ્ટાચાર્યએ કહ્યું છે કે, વાસ્તવિકતા એ છે કે, તમામ પરિબળો સંકેત આપે છે કે, ફુગાવામાં હજુ ઘટાડો થશે. નવેમ્બર અને જાન્યુઆરી વચ્ચે આની અસર જોવા મળશે પરંતુ માર્ચ સુધી સ્થિતિ સુધરી શકે છે. આરબીઆઈના ગવર્નર પણ સંકેત આપી ચુક્યા છે કે, તેઓ પરિસ્થિતિને ધ્યાનમાં લઇને આગળ વધશે.

બીજી ડિસેમ્બરના દિવસે જારી કરવામાં આવનાર આરબીઆઇની નાણાંકીય નીતિ સમીક્ષામાં વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષા અન્યો પણ રાખી રહ્યા છે. યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયા કારોબારી ડિરેક્ટર દિપક નારંગે કહ્યું છે કે, આરબીઆઇ વિકાસને વેગ આપવા રેટમાં કાપ મુકતા પહેલા વધુ સમયની રાહ જોશે. આરબીઆઇ દ્વારા ૦.૨૫ ટકાનો કાપ બજારમાં અપેક્ષા મુજબ દેખાવ કરી શકશે નહીં. આવી સ્થિતિમાં આરબીઆઇ ગવર્નરને બીજી ડિસેમ્બરે યથાસ્થિતિ જાળવી રાખવી પડશે. ઉંચા ફુગાવાના કારણો આપીને રિઝર્વ બેંક રેટને યથાવત રાખવા મક્કમ છે. કૃષિ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આંકડો નબળો રહ્યો છે. બીજી ત્રિમાસિક ગાળામાં દેશનો આર્થિક વિકાસદર ૫.૩ ટકા રહ્યો છે જે આ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા એપ્રિલ-જૂનના મહિનામાં ૫.૭ ટકા હતો. આવી જ રીતે હોલસેલ પ્રાઇઝ ઇન્ડેક્સ આધારિત ફુગાવો ઓક્ટોબર મહિનામાં પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. એટલે કે આ ફુગાવો ૧.૭૭ ટકા થયો છે.